દહેજ ખાતે પરિક્રમાવાસીઓ માટે જેટીનું મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

# ભરૂચના 8 ઘાટોના વિકાસ માટે 52 કરોડની ફાળવણી

ભરૂચ | ભરૂચમાં નર્મદા નદીના કિનારે આવેલાં 8 ઘાટોના વિકાસ માટે સરકાર રૂા.52 કરોડની ફાળવણી કરશે તેમ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે. મંગળવારે દહેજ ખાતે પરિક્રમાવાસીઓ માટે નિર્માણ પામનારી જેટીના ભૂમિપૂજન કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## કબીરવડ, મંગલેશ્વર, શુકલતીર્થ, નીલકંઠેશ્વર, દશાશ્વમેઘ અને મઢી સહિતના 8 ઘાટનો સમાવેશ

તેમણે આ અવસરે નર્મદાના પવિત્ર કાંઠે કબીરવડ-શુકલતીર્થ સહિતના તીર્થક્ષેત્રોનો સર્વગ્રાહી વિકાસ કરવા રૂા.પર કરોડની પ્રવાસન વિકાસ યોજના જાહેર કરી હતી. સરકારની યોજનામાં કબીરવડ, મંગલેશ્વર, શુકલતીર્થ, નીલકંઠેશ્વર, દશાશ્વમેઘ અને મઢી સહિતના 8 ઘાટોને આવરી લેવામાં આવશે. નર્મદા મૈયાના

...અનુસંધાન પાના નં.2

### રો-રો ફેરી સર્વિસ વર્ષના અંતે શરૂ થશે

રૂા. 597 કરોડની દહેજ-ઘોઘા રો-રો ફેરી સર્વિસ વર્ષના અંતે શરૂ કરવાનું સરકારનું આયોજન છે. આ ફેરી સર્વિસ શરૂ થતાં સુરત-ભાવનગર વચ્ચેનુ અંતર ઘટવા સાથે ઇંધણ-ફ્યુઅલમાં પણ નાગરિકોને બચત થશે.

### વિયર કમ કોઝવે મંજૂરીની પ્રક્રિયામાં

દરિયાના ખારા પાણી નદીમાં આવતાં રોકવા માટે ભાડભુત વિયર કમ કોઝવે યોજના ઘોંચમાં પડી છે. આ યોજનાની પર્યાવરણીય મંજૂરીની કાર્યવાહી ચાલી રહી છે અને તેના ભૂમિપૂજનમાં વડાપ્રધાન આવે તે દિશામાં પગલાં ભરાઈ રહયાં છે





દહેજ ખાતે રૂા.5 કરોડ ઉપરાંતના ખર્ચથી નિર્માણ પામનારી જેટીનું મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. તસવીર-રાજેશ પેઇન્ટર